# ડીસાના વોર્ડનં-૧માં ગંદકીનું સામ્રાજય પાલીકાના અણધડ વહીવટથી રહીશોમાં રોષ

ડીસા

ડીસા નગરપાલીકાના વોર્ડ નં-૧માં સ્થાનિક મતદારોએ ભાજપને ખોબલે ખોબલે મત ઉપેક્ષા કરતાં વોર્ડ નં-૧ ના મતદારો છેતરાયા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. દ્ર વોર્ડ-૧ માં સમાવિષ્ટ હાલ ગટરો ગંદકીથી ઉભરાવવા આવતા રીજમેન્ટ વીસ્તારમાં વિકાસના કોઈ કાર્યો ન કરાયાનું સ્થાનિક રહિશો જણાવી રહ્યા છે. હાલ રીજમેન્ટ વિસ્તારમાં ઠેર ઠેર



આપી આખી પેનલને જંગી બહુમતીથી વિજયી બનાવ્યા બાદ આ વોર્ડમાંથી જ ચૂંટાયેલા પ્રવિણભાઈ માળીએ અઢી વર્ષ સુધી નગરપાલિકામાં પ્રમુખપદ શોભાવ્યું હોવા છતાં આ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તારો હજુય અગવડોમાં અટવવાઈ રહ્યા છે.પૂર્વ પાલીકા પ્રમુખ પ્રવીણભાઈ માળીના મત વિસ્તારની જ જરૂરી વિકાસકાર્યો કરવામાં પાલિકા તંત્રએ સાથે આ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનની પણ પાલિકા તંત્ર ઠેકડી ઉડાવી રહ્યું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. ડીસા નગરપાલીકાના પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ માળીને ડીસાના વિકાસપુરૂષ અને વિકાસગાથામાં ચાર ચાંદ લગાવનાર જાગૃત પ્રમુખ તરીકેનું બિરૂદ અપાઈ રહ્યું છે. ત્યારે પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ માળીના મતવિસ્તાર એવા વોર્ડનં-૧ માં ગંદકીથી ગટરો ઉભરાઈ રહી છે. ગંદકીના ઢગ ખડકાયા છે અને ગંદા પાણી જાહેર માર્ગો પર પાણી ફરી વળતાં રાહદારીઓ,વાહનચાલકો તેમજ સ્થાનિક રહીશોમાં પાલીકા પ્રત્યે રોષ ભભૂકી રહ્યો છે. વળી આ વિસ્તારના રહીશો દ્વારા આ મામલે છેક ગાંધીનગર સુધી લેખિત રજુઆતો કરાઈ હોવા છતાં ગંદકીની સમસ્યાનો ઉકેલ ન આવતા પ્રજામાં રોષ ભભૂકી રહ્યો છે.



## લાલાવાડા પાસે બનાસડેરીનું ટેન્કર પલટી ખાતા દૂધ ઢોળાયું

પાલનપુર તાલુકાના લાલાવાડા નજીક બનાસ ડેરીનું ટેન્કર પલટી ખાઈ જતાં નજીકમાં આવેલા ખેતરમાં દૂધની રેલમછેલ થઈ હતી. જો કે અકસ્માતમાં જાનહાનીની ઘટના ટળી જતાં હાશકારો અનુભવાયો હતો. પાલનપુર તાલુકાના લાલાવાડા નજીક બનાસ ડેરીનું ટેન્કર દૂધ ભરીને જાહેર માર્ગ પરથી પસાર થઇ રહ્યું હતું. ત્યારે ટર્નિંગમાં વળાંક લેવા જતાં ટેન્કર અગમ્ય કારણોસર પલટી ખાઈ ગયું હતું. અને બાજુમાં આવેલા ખેતરમાં ટેન્કરમાં ભરેલું તમામ દૂધ ઢોળાઈ ગયું હતું. અને ખેતરમાં પાકને પાણીની જગ્યાએ જાણે દૂધનું વાવેતર આપવામાં આપી દેવાયુ હોય તેવા દૃશ્ય સર્જાયા હતા. આમ બનાસડેરીના ટેન્કરના સર્જાયેલા અકસ્માતમાં ખેતરમાં દૂધની રેલમછેલ થઈ જવા પામી હતી. જોકે ચાલકનો આબાદ બચાવ થઈ જતાં અને જાનહાનીની ઘટના ટળી જતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

## શાળાના બાળકોના હાથમાં પેન અને પુસ્તકના બદલે

# પાવડા અને તગારા જેવા ઓજારો જેવા મળી રહ્યા છે

### ગામમાં લગ્ન પ્રસંગ હોવાથી બાળકોને ઘરે મોકલી શાળામાં આપ્યો જાનને ઉતારો

સરકાર ધ્વરા પ્રાથમિક શિક્ષણ સુધારે તે માટે અથાગ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે અને શિક્ષણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહ્યા છે પરંતુ કેટલાક શિક્ષકો અને આચાર્ય ની મનમાની થી લોકો પોતાના બાળક પ્રાથમિક શાળા માં ભણવા બદલે પ્રાયવેટ શાળામાં ભણવા મૂકે છે તો ગરીબ લોકો બાળકો અભ્યાસ થી વંચિત રહી જાય છે મધ્યમવર્ગ તેમજ ગરીબ પરિવાર ના બાળકો પણ ભણી શકે અને આગળ વધે તે માટે સરકાર ધ્વરા પ્રાથમિક શાળા માં પણ તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવી રહી છે પરંતુ કેટલાક શિક્ષકો અને આચાર્ય પ્રાથમિક શાળા ને પોતાના ની જાગીર સમજી મનફાવે ત્યારે બાળકો ને ઘરે મૂકી પ્રાથમિક શાળા પોતાના સાગા લોકોના લગ્ન કરાવી રહ્યા છે તો કેટલાક શિક્ષકો બાળકો પાસે એક મજુર ની જેમ મજૂરી કરાવી ગામ ની સફાઈ કરાવી રહ્યા છે જોઈએ એક વિશેષ અહેવાલ

ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલી ધાનેરા તાલુકા ના ખાપરોલ ગામની પ્રાથમિક શાળા ની કે જ્યાં આચાર્ય મનમાની ચલાવી રહ્યા છે અને સ્કૂલ ને પોતાના ની જાગીર સમજી રહ્યા છે ગત શુક્રવાર





અને શનિવારે ગામમાં કોઈક ને ત્યાં લગ્ન પ્રસંગ હતો ત્યારે ચાલુ શાળાએ બાળકો ને ઘરે મૂકી દીધા હતા અને શાળા માં જાન નો ઉતારો આપી દીધો હતો અને બાળકો નું ભણતર બગાડ્યું હતું ત્યારે આ બાબતે ગામલોકો પણ ઉશ્કેરાયા હતા અને આચાર્ય સામે કાયદેસર ની કાર્યવાહી કરવાની માંગણી કરી હતી આતો વાત હતી ખાપરોલ પ્રાથમિક શાળા ની અને હવે વાત કરીએ ધાનેરા તાલુકા નેનાવા ગામની પ્રાથમિક શાળા ની તો નેનાવા પ્રાથમિક શાળામાં અભયસ કરતા બાળકો ને પહેલા તો ગામની સફાઈ કવિ પડે છે અને તે બાદ જ તેમને શિક્ષણ મળતું હોય તેવું લાગી રહ્યું છે શાળા ના શિક્ષકો અને આચાર્ય ભેગા મળી બાળકો ને હાથ તગારા પાવડા જેવા ઓજારો આપી ગામમાં સફાઈ કરવા મૂકે છે જયારે પણ અમારી ટિમ પણ પહોંચી તો શાળા ના બાળકો ગામમાં સફાઈ કરી રહ્યા હતા સફાઈ કરતા બાળકો કેમેરા કેદ થઈ ગયા હતા અને બાળકો ની હાથ માં પેન અને પુસ્તક ના બદલે પાવડા અને તગારા જેવા ઓજારો નજરે ચડ્યા હતા સમગ્ર બાબતે ધાનેરા તાલુકા શિક્ષણ અધિકારી નો સમરક કરતા તે પણ લાજવા ના બદલે ગાજવા લાગ્યા હતા અને ઉલટો ચોર કોટવાલ ને દાટે તેમ પહેલા તમે મને લેખિત રજૂઆત કરો તે બાદ જ હું કાર્યવાહી કરીશ અને મીડિયા સમક્ષ જવાબ આપીશ ,,,,લોકો પોતાના બાળક ને પ્રાથમિક શાળા માં ભણવા મુકવાના બદલે પ્રાયવેટ શાળા માં ભણવા મૂકી રહ્યા છે તો ગરીબ લોકો ના બાળકો અભ્યાસ થી વંચિત રહી જાય છે તે માટે જો આજ કારણ જવાબદાર ગણવા માં આવે તો તે વાત ને પણ નકારી શકતી નથી.

## પ્રાંતિજના રાસલોડ શ્રી હનુમાન મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વે ભાવિકો ઉમટ્યા

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રાસલોડ ખાતે આવેલ શ્રી કષ્ટ ભંજન હનુમાન મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાને લઇ મંદિર ખાતે સવારથી જ ભક્તોની ભીડ જોવા હવન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. દાદાના દર્શન કરી હવનનો લાભ લઈ બાપા સીતારામ ગુરૂ ગાદીએ જઈને ગુરૂબાપા સીતારામને યાદ કરી ધન્યતા અનુભવી હતી. દર વર્ષની જેમ આ



મળી હતી. ભક્તોએ દાદાના તથા ગુરૂ ગાદીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજના રાસલોડ હનુમાન મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાને લઈને દુર દુરથી હનુમાન ભકતો તથા ગુરૂ ભક્તો ઉમટી પડયા હતા. મંદિર સંકુલમાં વર્ષે પણ મંદિરના સ્ટ્રટી રઈશભાઇ કસ્બાતી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ, મુંબઈ, મહેસાણા, બરોડા, સુરત સહિત ભક્તો ઉપસ્થિત રહી દાદાના તથા ગુરૂ ગાદીના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

## "કલ્લીની ભાજી" મોડાસાના નગરજનો માટે કુતુહલ, મેઘરજની આદિવાસી મહિલાઓ માટે આજીવિકાની જડીબુટ્ટી

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં અનેક ઔષધિઓ ઉગતી હોવાની અને આદિવાસી સમાજના લોકો તેનો દેશી ઉપચાર અને ખાવા માટે પણ ઉપયોગમાં લેતા હોય છે. ચોમાસાની ઋતુમાં વરસાદ વરસતાની સાથે ડુંગરો પર અનેક પ્રકારની ઔષધિઓ ઉગી નીકળતી હોય છે. મેઘરજ આજુબાજુના મેવડા નજીક આવેલા ડુંગરો પર ઉગી નીકળતી અને ધોળી મૂસળી તરીકે પંથકમાં ઓળખ ધરાવતી "કલ્લીની ભાજી" મેઘરજની આદિવાસી મહિલાઓ માટે આજીવિકાનું સાધન બની રહી છે. મોડાસા શહેરમાં સવારે મહિલાઓ મોટા પ્રમાણમાં "કલ્લીની ભાજી" વેચી જીવનનિર્વાહ ચલાવવામાં મદદરૂપ બને છે.



મેઘરજના ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ શિયાળા અને ચોમાસાની ઋતુમાં મેથી, પાલક, તાંદળજો અને ચીલની લીલીભાજી વેચવા કોથળા ભરી મોડાસા શહેરમાં વેચાણ અર્થે આવે જીવનનિર્વાહ ચલાવી રહી છે. ચોમાસા અરવલ્લીની ગીરીમાળાઓમા ઉગી નીકળતી લીલા ઉભા પર્ણવાળી કલ્લીની ભાજીને ધોળી મૂસળી હોવાનું જણાવી મોટા પ્રમાણમાં વેચાણ કરી રોજી રોટી મેળવી રહી છે. મોડાસાના શહેરીજનો માટે કલ્લીની ભાજી કુતુહલ સર્જાવાની સાથે આકર્ષણ બની રહી છે અને લોકો મોટા પ્રમાણમાં કલ્લીની ભાજીનો ખાવામાં ઉપયોગમાં લઈ રહ્યા છે. મોડાસામાં "કલ્લીની ભાજી" વેચવા આવતી મહિલાના જણાવ્યા અનુસાર કલ્લીની ભાજી ખાવાથી પુરુષોની શક્તિ વધવાની સાથે મહિલાઓને શારીરિક નબળાઈ દૂર કરે છે. મેઘરજ નજીકના ડુંગરોમાં અનેક પ્રકારની ઝેરી અને બિનઝેરી વનસ્પતિઓ ઉઘી નીકળતી હોવાથી ખુબ જ માવજતભરી રીતે અલગ તારવી વીણવામાં આવે છે અને પાણીથી ધોઈ વેચાણ અર્થે આવીએ છીએ દરરોજ ૧૦૦૦ થી ૨૦૦૦ હજાર રૂપિયાની કલ્લીની ભાજી વેચી ઘરે પરત જતા હોવાનું જણાવ્યું હતું.

# મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં ઠેર-ઠેર ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉમંગે ઉજવાયો

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં આજે અષાઢી પૂનમે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારે ઉમંગ ઉલ્લાસ વચ્ચે ઠેર ઠેર ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉમંગે ઉજવાયો હતો. 'ગુરુબિન ભવનિધિ તરહી ન કોય. ચાહે બિરંચી શંકર સમ હોય..!!'

ગુરૂ એટલે અંધકાર અને ગુરૂ એટલે પ્રકાશ... આધ્યાત્મિક દષ્ટિએ જીવનમાં ગુરુનો મહિમા અપરંપાર છે. છેક ભગવાન કૃષ્ણ અને શ્રી રામ જેવા અવતારી દેવો. ભગવંતોના સમયમાં પણ ભગવાને પૃથ્વી ઉપર અવતરી ગુરુદ્વારાઓમાં જઈ ગુરુ પાસેથી આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું હતું જે ઉજજવળ પરંપરા થકી ચાલી આવતી ગુરુ મહિમાને ઉજાગર કરતી ગુરુપૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહે છે.

આજે અરવલ્લી જિલ્લામાં પણ મોડાસામાં દેવાયત પંડિતની પવિત્ર ભૂમિ દેવરાજ ધામ ખાતે, બન્ને જિલ્લાઓના મુમુક્ષુઓ-ભક્તોના આસ્થાનું કેન્દ્ર સમા ગોધમજી ખાતે સંત જેસિંગ બાવજીનના મંદિરે ઉપરાંત ભક્તિરામ બાવજીને ગાયત્રી આશ્રમે પૂ પદયુમન બાવજી અને પૂ.હીરાદાદાના સાન્નિધ્યે, સુનોખ કંપા નજીક વક્તાપુરમાં સંત લાલજી



અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં પણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ભારે ઉમંગભેર ઉજવાઇ હતી.

મોડાસા તાલુકામાં બોલુંદરા ગામે પ્રસિદ્ધ શ્રીકૃષ્ણાશ્રમ ખાતે અગ્નિહોત્રી આત્રેયભાઈના સાન્નિધ્યે, સરડોઈમાં પૂ. દત્ત આશ્રમે, મેઢાસણ પાસે સાલમપુર ખાતે પૂ. મોહનમહારાજના તારાપુર આશ્રમે પૂ. લક્ષ્મણબાપુના સાન્નિધ્યે, મોડાસાના શિણાવાડમાં સંતશ્રી પુરુષોત્તમ આશ્રમે, મોટી ઈસરોલમાં રામદેવ ઉપાસક મહારાજના અશ્રમે, ખોડંબા પાસે વૈજનાથ મંદિરે પૂ.વાસુદેવજી મહારાજની સાન્નિધ્યે પણ ગુરુ પૂર્ણિમા ઉજવાઇ હતી.

આજે જિલ્લામાં આશ્રમો, ગુરુદ્વારાઓ તેમજ ગુરુ નિવાસસ્થાનોમાં દર્શનાર્થીઓની ભીડ જામી હતી. સવારથી જ ભક્તો, અનુયાયીઓ પોતાના ગુરુના દ્વારે જઈને તેમજ દેવદેવીઓના મંદિરોમાં જઈ માથું ટેકવીને ભગવાનના દર્શન કરીને અને ગુરુદ્વારાઓમાં ગુરુવંદના, પૂજા કરીને અને ગુરુ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગુરુવંદના કાર્યક્રમ અંતર્ગત આજે ભાજપ જિલ્લા મહામંત્રી,એપીએમસી ચેરમેન શામળભાઈ પટેલ, ડિરેકટર વિમલભાઈ પટેલ, મોડાસા તાલુકા ભાજપ પ્રમુખ હસમુખભાઈ પટેલ, જિલ્લા ભાજપ અગ્રણી ભીખુસિંહ પરમાર, તાલુકા મહામંત્રી વસંતભાઈ પટેલ, પૂર્વ મહામંત્રી જીતુભાઈ પટેલ, તાલુકા સંગઠનના ચિરાગભાઈ ગોસ્વામી વગરેએ મોડાસા તાલુકામાં વિવિધ ગૃરુદ્વારાઓ, આશ્રમો, નિવાસસ્થાનોમાં જઈ સાધુ સંતો, ગુરુઓને શાલ અને ફુલહાર અર્પણ કરી ભાવભીનું સન્માન કરી પૂજા-કરી દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.





## ધનસુરાના રામજી ભગવાનજીના મંદિરમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી

ધનસુરા તાલુકામાં ગુરૂ પૂર્ણિમાની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. ધનસુરાના રામજી ભગવાનજીના મંદિરમા ભક્તોએ ભગવાનના દર્શન કર્યા હતા અને મંદિરના મહંત પૂરણશરણદાસજી મહારાજના આશીર્વાદ મેળવ્યાં હતા. વડાગામ પાસેના મગનપુરા પાસે આવેલા જલારામબાપાજી ભગવાનના મંદિરે પણ શ્રધ્ધાળુઓએ ભગવાનના દર્શન કર્યા હતા.

## અંબાજી કોલેજમાં એબીવીપી દ્વારા ગુરુપૂર્ણિમા નિમિતે ગુરૂજીનું પૂજન

યાત્રાધામ અંબાજી ખાતે આવેલ શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત અંબાજી આર્ટસ અને કૉમર્સ કોલેજમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુરુપૂર્ણિમાના દિવસ નિમિત્તે દરેક ગુરુજીના પાસે જઇ અને તમનું પૂજન કરી અને મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું. ગુરુઓનો આશીર્વાદ લઈ અને ગુરુઓ પાસેથી ગુરુપૂર્ણિમા અને ગુરુ અને શિષ્ય વચ્ચેના સંબંધ વિષયમાર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં સમાજ કલ્યાણ કચેરીને તાળું મરાતા ખળભળાટ

### મકાન સહાયના ફોર્મ વેચવામાં આવતા હોવાની રજુઆત મળતાં તંત્રની કાર્યવાહી

પાલનપુર જોરાવર પેલેસમાં સેવાસદન ૨ માં આવેલી સમાજ કલ્યાણ (વિ.જા) કચેરીને પ્રાંત ઓફિસરે તાળું મારી તાત્કાલિક કલેક્ટરનો સંપર્ક કરવાની નોટિસ ચપકાવવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ કચેરી દ્વારા મકાન સહાયના વિનામૂલ્યે અપાતા ફોર્મ લાખણી વિસ્તારમાં રૂપિયા ૩૦૦માં વેચવામાં આવતા હોવાની રજુઆત મળતાં તંત્રએ આ કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર જોરાવર પેલેસના કર્મચારીઓમાં ખળભળાટ મચાવનારી વિગતો એવી છે કે, સરકાર દ્વારા પંડિત દિન દયાળ આવાસ યોજના અંતર્ગત મકાન સહાય માટે પાલનપુર જોરાવર પેલેસમાં સેવાસદન ૨ માં આવેલી સમાજ કલ્યાણ (વિ.જા) કચેરીમાંથી વિનામૂલ્યે ફોર્મ આપવામાં આવી રહ્યા છે. જોકે, લાખણી તાલુકાના ડેરા ગામે આ ફોર્મ રૂપિયા ૩૦૦માં વેચાતા હોવાની ગામના યુવક



હેમચંદજી ઠાકોરે મંગળવારે પાલનપુર ખાતે અધિકારીને રજુઆત કરી હતી. આથી ચોંકી ઉઠેલા પ્રાંત અધિકારીએ ઓફિસ ખુલે તે પહેલાં જ સમાજ કલ્યાણ (વિ.જા) કચેરીને તાળું મારી દીધું હતું. તાત્કાલિક કલેક્ટરનો સંપર્ક કરવાની નોટિસ ચપકાવવામાં આવી હતી. બીજી તરફ કચેરીના સમયે આવેલા અધિકારી, કર્મચારીઓના તાળું અને નોટિસ જોઈને ફફડાટ પ્રસરી ગયો હતો.અને તેઓ કલેકટર સમક્ષ દોડી ગયા હતા. જ્યાં જરૂરી સૂચના આપ્યા બાદ કચેરી ખોલવામાં આવી હતી. પ્રાંત અધિકારીની આ કાર્યવાહી દિવસભર જોરાવર પેલેસમાં ચર્ચાસ્પદ રહી હતી.



અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ગોખરવા ગામે ગોખરવા પ્રાથમિક શાળામાં આજરોજ બાળકોને ઓરી અને રુબેલા રસીકરણ કાર્યક્રમ યોજાયો ૭૬ બાળકોને રસી આપવામાં આવી હતી. જેમાં કોઈ પણ બાળકને કોઈ તકલીફ કે આડ અસર જોવા મળી નથી અને આ રસીને લોકોમાં સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતનાં સદસ્ય કમળાબેન પરમાર, ભાજપ જિલ્લા અનુસૂચિતજાતી મોરચા પ્રમુખ દિનેશભાઈ પરમાર, બોલુદરા પી.એચ.સી.ના ડૉ.રાજીવ બરંડા, ડો. જલ્પાબેન પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય શિક્ષકો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.